# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી, અંતર્ગત ગઇકાલે સાંજે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાત ગરિમા એવોર્ડ એનાયત કરાયા.**
2. **પરવાના વિના પ્રેગાબલિન એપીઆઇ ડ્ર્ગ્સનું ઉત્પાદન અને વેચાણ કરવાનું અમદાવાદ અને અંકલેશ્વરમાંથી કૌભાંડ ઝડપાયું.**
3. **સુજલામ સુફલામ્ જળ-અભિયાન અને કેચ ધ રેઇન અભિયાન અંતર્ગત બનાસકાંઠાના ચાર હજાર 804 કામોને મંજૂરી અપાઇ.**
4. **આવતીકાલથી સાતમી મે દરમિયાન રાજ્યમાં પવન સાથે વરસાદ વરસવાની આગાહી.**
5. **ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદ્રાબાદ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે મુકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GUJARAT PRIDE DAY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગોધરા ખાતે ગુજરાત ગૌરવ દિનની સંધ્યાએ નવપલ્લવિત ગુજરાત શીર્ષક હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમની રંગારંગ પ્રસ્તુતી કરાઇ હતી. આ કાર્યક્રમમાં રાજયને ગૌરવ અપાવનાર છ વ્યક્તિ વિશેષનું ગુજરાત ગરિમા એવોર્ડ અને પંચમહાલ જિલ્લામાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર દશ વ્યક્તિઓનું સન્માન પણ કરાયું હતું.

રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રકાશિત અને જિલ્લા માહિતી કચેરી દ્વારા સંપાદિત પાવનધરા પંચમહાલ પુસ્તિકા, વિઝન ડોક્યુમેન્ટ્સ @2047  અને ફ્લોરા ઓફ ગુજરાત પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે પંચમહાલ જિલ્લાના શહેરી વિસ્તારોના વિકાસ માટે અઢી કરોડ રૂપિયાનો ચેક જિલ્લા  કલેક્ટરને અને ગ્રામીણ વિકાસ માટે અઢી કરોડ રૂપિયાનો ચેક જિલ્લા વિકાસ અધિકારીને અર્પણ કરાયો હતો. આ પ્રસંગે આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં અભૂતપૂર્વ વિકાસ સાધીને ગુજરાત દેશનું રોલ મોડેલ રાજ્ય બન્યું છે. પ્રધાનમંત્રીના વર્ષ 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પમાં ગુજરાત અગ્રીમ ભૂમિકા અદા કરી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાત માત્ર ચાર અક્ષરોનો શબ્દ નહી પણ, સર્વાંગીણ વિકાસનો પર્યાય બની ગયો છે. નક્કર અને વાસ્તવિક વિકાસ લોકો નરી આંખે જોઇ શકે છે. માત્ર વિકાસની વાતો કે વાતોમાં જ વિકાસ નહી પરંતુ, તેને જમીન ઉપર ઉતાર્યો છે. આ વિકાસના કારણે જ અંબાજીથી ઉમરગામ સુધીના વિસ્તારમાં વસતા વનબંધુ હવે વિશ્વબંધુ બન્યા છે.

. . . . . . . . . . . . .

# IUPAC RACKET

અમદાવાદ અને અંકલેશ્વર ખાતે કેમીકલના IUPAC નામે કોઇપણ પરવાના વગર બલ્ક ડ્રગ પ્રેગાબલિન એપીઆઇનું ઉત્પાદન અને વેચાણના ષડયંત્રનો ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ પર્દાફાશ કર્યો છે..

પ્રેગાબલિન એપીઆઇનું કેમીકલ ફેક્ટરીમાં ટેસ્ટીંગ કર્યા વગર વેચાણ કરતી કંપનીઓમાં દરોડા પાડવામાં આવી હોવાનું રાજ્યના ખોરાક અને ઓષધ નિયમન તંત્રના કમિશનર  ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું. તંત્ર દ્વારા ઝડપાયેલા એક હજાર કિલોગ્રામ જથ્થામાંથી જરૂરી નમૂના લઈ 21 લાખ કરતાં વધુ રૂપિયાના એ.પી.આઇ.નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો..

તંત્રને મળેલ બાતમી મુજબ એ.પી.આઇ.નું ટ્રેડીંગ કરતી અમદાવાદ સ્થિત કંપનીને ત્યાં દરોડો પાડતાં અંદાજીત 85 લાખની કિંમતનું 4 હજાર 300 કિલોગ્રામ પ્રેગાબલિનનું વેચાણ કર્યાના પુરાવા મળ્યા હતા. અંકલેશ્વર ખાતે પણ કેમિકલ ફેક્ટરીમાં તપાસ કરીને  કાયદેસરની કાર્યવાહી હેઠળ જપ્ત કરાયો છે.

. . . . . . . . . . . . .

# GNR MAHANAGAR PALIKA

ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી ગાંધીનગરના વિકાસ માટે રૂપિયા 171 કરોડના 13 મહત્વના વિકાસ કામો હાથ ધરવામાં આવશે. જેમાં રાજ્ય સરકાર તરફથી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂપિયા 88 કરોડની ગ્રાંટ ફાળવવામાં આવી હતી. આ કામો અંતર્ગત મુખ્ય માર્ગોનું નવીનીકરણ,

તળાવોનો વિકાસ, વેસ્ટ ટુ વન્ડર પાર્ક, પી.એચ.સી અને આંગણવાડી સુવિધાઓનો સુધાર, તેમજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવી મહત્વપૂર્ણ કામગીરીનો સમાવેશ થાય છે તેમ ગાંધીનગરના મેયર મીરાં પટેલે કહ્યું હતું.

(બાઈટ: મીરા બેન પટેલ ,મેયર મહાનગરપાલિકા ગાંધીનગર)

. . . . . . . . . . . . .

# BK SUJLAM SUFLAM CANNEL

બનાસકાંઠા જિલ્લામાં "સુજલામ સુફલામ્ જળ અભિયાન - કેચ ધ રેઇન 2.0-2025 " અંતર્ગત કુલ ચાર હજાર 804 કામોને મંજૂરી આપવામાં આવી હતી, જિલ્લા અમલીકરણ સમિતિ દ્વારા વિવિધ વિભાગોની ભલામણ મુજબ ગ્રામ વિકાસ એજન્સીના 2 હજાર 960 વન વિભાગના 51, વોટર સેડ વિભાગના 4, નર્મદા યોજનાના 11, નગરપાલિકાના 80, જળસંપત્તિ વિભાગના 1 હજાર 370 અને પાણી પુરવઠા વિભાગના 328 કામોનો સમાવેશ થાય છે.

સહિયારા પ્રયાસો દ્વારા જળ સંકટને દૂર કરવા પર ભાર મૂકીને આ ફક્ત સરકારી કામો જ નથી પરંતુ સમાજના કાર્યો છે તેમ સમજીને તમામને સહયોગ આપવા બનાસકાંઠા કલેક્ટરે સૌને અપીલ કરી હતી.

. . . . . . . . . . . . .

# HC JUDGES

ગુજરાત હાઇકોર્ટમાં વનવા સાત જજોની રાષ્ટ્રપતિએ નિમણૂંકને મંજૂરી આપી હતી. કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જૂન રામ મેઘવાલે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી હતી. આ સાત નવા જજમા લિયાકત હુસૈન શમસુદ્દીન પીરઝાદા, રામચંદ્ર ઠાકુરદાસ વાછાણી, જયેશ લખનશીભાઇ ઓડેદરા, પ્રણવ મહેશભાઇ રાવલ, મૂળ ચંદ ત્યાગી, દિપક મનસુખલાલ વ્યાસ અને ઉત્કર્ષભાઇ ઠાકોરનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH VIKAS KARYO

ગુજરાત સ્થાપના દિવસના અવસરે ગઇકાલે પ્રભાસપાટણના રામમંદિર ખાતે 11 કરોડ 23 લાખના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન તથા જિલ્લા આયોજન કચેરી ગીર સોમનાથની ગ્રાન્ટ અંતર્ગત જિલ્લામાં આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા અને જાહેર બાંધકામ ક્ષેત્રે આ કામો પૂર્ણ થયા હતા. કૌશલ્યવર્ધન તાલીમ અને ટૂરિસ્ટ ગાઈડ તાલીમ થકી મહિલાઓ આત્મનિર્ભર બનશે તેવી સાંસદ રાજેશ ચૂડાસમાએ આશા વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# WEATHER

આગામી ત્રીજી થી સાતમી મે દરમિયાન રાજ્યમાં પવન સાથે વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. વરસાદને કારણે મહતમ તાપમાનમાં ઘટાડો નોંધાશે તેમ પણ હવામાન વિભાગના વડા રામાશ્રય યાદવ જણાવ્યું હતું.

(બાઇટ- રામાશ્રય યાદવ હવામાન વિભાગ)

રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વીજળી સાથે ઓછાથી માધ્યમ વરસાદ અને 30 થી 40 કિલોમીટર પવનની ઝડપ રહેવાની શક્યતાઓ છે. આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહતમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહેવાની શકયતાઓ છે.

**છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં કંડલા એરપોર્ટ અને રાજકોટ ખાતે મહતમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમરેલીમાં 44 ડિગ્રી સેલ્સિયસ અને અમદાવાદ તેમજ ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ મહતમ તાપમાન નોંધાયું હતું. વર્તમાનમાં દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયુ હોવાનું પણ હવામાન વિભાગે જણાવ્યું હતું.**

. . . . . . . . . . . . .

# POSHAN PAKHVADIYU

**રાજ્યમાં 8 થી 22 એપ્રિલ સુધી 'પોષણ પખવાડીયું 2025'ની ઉજવણી કરાઇ. જે અંતર્ગત પોષણ વ્યવસ્થાપન, તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન જેવા વિવિધ પાંચ ક્ષેત્રોમાં પોષણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી. સાંભળીએ એક અહેવાલ..**

**( વોઇસ કાસ્ટ: વિધિ મોદી )**

પોષણ પખવાડીયા 2025 અંતર્ગત રાજ્યભરમાં કુલ 40 લાખ 83 હજારથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ. પોષણ પખવાડીયા માટે કુલ પાંચ મુખ્ય ક્ષેત્રો નક્કી કરાયા, જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ એક હજાર દિવસના સમયગાળામાં યોગ્ય પોષણના મહત્વ પર ભાર મૂકવો, સમુદાય આધારિત કાર્યક્રમ દ્વારા અતિ ગંભીર કુપોષણમાં સુધારણા માટે નક્કર કાર્યવાહી, બાળકોમાં સ્થૂળતાને અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિશે જાગૃતિ ફેલાવવી જેવા વિષયો પર કામગીરી કરાઈ. રાજ્યમાં મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં 5 લાખથી વધુ માતાઓને લાભ અપાયો છે. જ્યારે પોષણ સુધા યોજના હેઠળ એક લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભાન્વિત કરાઈ છે.

વિધિ મોદી આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . . . . . .

# IPL

IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગે શરૂ થશે.

દરમ્યાન ગઇકાલે મુંબઈ ઇન્ડિયન્સે રાજસ્થાન રોયલ્સને 100 રનથી પરાજય આપ્યો હતો. મુંબઈ દ્વારા આપવામાં આવેલા 218 રનના લક્ષ્યાંકના જવાબમાં રાજસ્થાનની ટીમ 117 રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. રાજસ્થાન તરફથી જોફ્રા આર્ચરે 30 રન બનાવ્યા. મુંબઈ તરફથી ટ્રેન્ટ બોલ્ટ અને કર્ણ શર્માએ 3-3 વિકેટ લીધી.

પ્રથમ રાજસ્થાને ટોસ જીતી ફિલ્ડિંગ પસંદ કરી હતી. મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 217 રન બનાવ્યા હતા. મુંબઈ તરફથી રાયન રિકેલ્ટે 61 રન બનાવ્યા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. રાજસ્થાન તરફથી મહિષ તિક્ષ્ણા અને રાયન પરાગે 1-1 વિકેટ લીધી.

. . . . . . . . . . . . . .

# METRO

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આજે અને ૧૪મી મેના રોજ રમાનારી આઈ પી એલ મેચને લઈ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને આ દિવસોમાં સવારના ૬:૨૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના સાડા બાર વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમિયાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન

પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની બંને કોરિડોરના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે. ગાંધીનગર જવા માટે, મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 સુધી રાત્રે ૧૧.૪૦ કલાકે અને મધ્યરાત્રિના ૧૨.૧૦ કલાકે બે વધારાની ટ્રેન સેવાઓ પૂરી પાડવામાં આવશે.

. . . . . . . . . . . . . .